INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલીસબ્રીજ, અમદાવાદ – ૩૮૦૦૦૬

ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩, ૨૬૫૭૮૧૬૧, ૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

**Web : www.incgujarat.com** **E-mail : gpcc1234@gmail.com**

અખબારી યાદી તા. ૨૦.૦૭.૨૦૨૬

- પેપર લીક સંકટ હવે એક રાષ્ટ્રીય મહામારી બની ગઈ છે: શ્રી અમિત ચાવડા
- દેશમાં ૧૫૦ થી વધુ પેપર લીકની ઘટનાઓએ ૭.૫ કરોડ વિદ્યાર્થીઓ અને તેમના પરિવારોને સીધી અસર: શ્રી અમિત ચાવડા

ભાજપ સરકારની શિક્ષણ વ્યવસ્થામાં ભ્રષ્ટનીતિ, મેળાપીપળા અને સિસ્ટમ ફેલ પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમિત ચાવડાએ જણાવ્યું હતું કે આજે દેશમાં પેપર લીક એક મહામારી બની ગઈ છે નીટ, જેઈઈ, એસએસબી, યુપીએસસી પરીક્ષા ખર્ચ એક વિધાર્થીએ અંદાજે ૯ લાખ થાય છે. દેશમાં વિવિધ પરીક્ષાઓની ૯ કરોડ યુવાનો તૈયારી કરે છે. જેના લીધે પરિવાર પર આર્થિક બોજ, પરિવારનું દબાણ અને તેમ છતાં લાખો યુવાનો વય મર્યાદા વટાવી ચુકે છે અને તક થી વંચિત રહે છે. સમગ્ર વ્યવસ્થા પર કોચિંગ સેન્ટર, પરીક્ષા કેન્દ્ર, પેપર કાઢનાર, અનુવાદ કરનાર, પેપર છાપનાર અને ટ્રાન્સપોર્ટર અને સૌથી ઉપર સરકારી મંત્રાલય કબજો કરીને બેઠા છે.

ગુજરાતમાં પણ ૨૪ થી વધુ પેપરો લીક થયા છે. તેમાં મુખ્યત્વે જુનિયર ક્લાર્ક, ઉર્જા વિભાગ, તલાટી, ટેટ-ટાટ, બિન સચિવાલય, નાયબ ચીટનીશ ક્લાર્ક, વન ગાર્ડ સહિતનો સમાવેશ થાય છે. કોટાથી રાષ્ટ્રવ્યાપી ઝુંબેશ શરૂ કર્યા પછી, લોકસભા વિપક્ષના નેતાશ્રી રાહુલ ગાંધીએ દહેરાદૂનમાં "છાત્રો કી ગુંજ" મેગા રેલીને સંબોધિત કરી હતી.

પેપર લીક સંકટ હવે એક રાષ્ટ્રીય મહામારી બની ગઈ છે. દેશમાં ૧૫૦ થી વધુ પેપર લીકની ઘટનાઓએ ૭.૫ કરોડો વિદ્યાર્થીઓ અને તેમના પરિવારોને સીધી અસર કરી છે, છતાં એક પણ ગુનેગારને સજા કરવામાં આવી નથી. લાખો ઉમેદવારો ભારે દબાણ હેઠળ પરીક્ષા આપે છે, સરેરાશ પાંચ વર્ષ સુધી દરરોજ ૧૦ કલાક અભ્યાસ કરે છે. આ તૈયારીમાં માત્ર ઉમેદવારો માટે જ નહીં પરંતુ તેમના પરિવારો માટે પણ ભારે નાણાકીય બોજ અને બલિદાનનો સમાવેશ થાય છે. જેમ જેમ અન્ય તકો નજીક આવી રહી છે, તેમ તેમ દર વર્ષે લગભગ ૯ કરોડ ઉમેદવારો માત્ર ૬૦૦,૦૦૦ સરકારી નોકરીઓ મેળવવા માટે સંઘર્ષ કરે છે. જ્યારે વિદ્યાર્થીઓ સખત મહેનત કરી રહ્યા હોય છે, ત્યારે એક ભ્રષ્ટ નેટવર્ક "સિસ્ટમનું મેનૂ કાર્ડ" ચલાવે છે, જ્યાં પરીક્ષાઓ સૌથી વધુ બોલી લગાવનારાઓને મોટી રકમમાં વેચવામાં આવે છે.

દેશમાં વિધાર્થીઓનાં હક્ક અને અધિકાર માટે કોંગ્રેસ પક્ષ સમગ્ર દેશમાં 'છાત્રો કી ગુંજ' કાર્યક્રમ થકી વિધાર્થીઓનાં અવાજને મજબૂત કરવાનું કામ કરી રહી છેગુજરાતમાં એન.એસ.યુ.આઈ., યુવક કોંગ્રેસ "છાત્રો કી ગુંજ" કાર્યક્રમ દ્વારા લડત આપી રહ્યા છે. દેશમાં વારંવાર થઈ રહેલા પેપર લીક મુદ્દે કેન્દ્રની ભાજપ સરકાર શિક્ષણ મંત્રીશ્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું આપે, શિક્ષણ વ્યવસ્થામાં પારદર્શકતા લાવે, યુવાનોને સન્માન સાથે રોજગારનો અધિકાર આપે.

ડૉ. મનીષ દોશી
કન્વીનર અને પ્રવક્તા,ગુજરાત કોંગ્રેસ
૯૪૨૬૦૦૧૫૯૯